# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે તા.૨૩/૦૩/૨૦૨૫, રવિવારના રોજ લેવાનાર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) – ૨૦૨૫ ની પરીક્ષાનું એડમિશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ફકત ઓનલાઇન માધ્યમથી મૂકવામાં આવેલ છે. જેની ગુજકેટ-૨૦૨૫ ની પરીક્ષાના તમામ ઉમેદવારોએ, વાલીઓએ તથા રાજ્યની વિજ્ઞાન પ્રવાહ ધરાવતી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

ગુજકેટ-૨૦૨૫ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારો પોતાનું એડમિશન કાર્ડ(પ્રવેશિકા/**Hall Ticket**) બોર્ડની વેબસાઇટ **gujcet.gsebht.in** અથવા **gsebht.in** અથવા **www.gseb.org** પર તા.૧૧/૦૩/૨૦૨૫ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાકથી જાહેર કરવામાં આવેલ છે. ઉમેદવારો ગુજકેટ-૨૦૨૫ માટે ભરેલ આવેદનપત્રમાં નોંધાયેલ મોબાઇલ નંબર અથવા ઇ-મેઇલ આઇ.ડી અને જન્મ તારીખ અથવા એપ્લીકેશન નંબર દાખલ કરી એડમિશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ડાઉનલોડ કરી શકાશે. ઉમેદવારો પોતાના નામ પરથી પણ એડમિશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) **Search** કરી, જન્મ તારીખની વિગત ભરીને ડાઉનલોડ કરી શકશે.

જે ઉમેદવારોએ એડમિશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ડાઉનલોડ કરેલ ન હોય તેઓએ ડાઉનલોડ કરી લેવી તથા તા:૨૩/૦૩/૨૦૨૫, રવિવારના રોજ યોજાનાર **GUJCET** પરીક્ષામાં એડમિશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**)માં દર્શાવ્યા મુજબના પરીક્ષા સ્થળ પર સમયસર હાજર રહેવું.

### ઉમેદવારો(પરીક્ષાર્થી) માટે ખાસ નોંધ:-

ગુજકેટ-૨૦૨૫ પરીક્ષાના ઉમેદવારોએ પરીક્ષા દરમિયાન એડમિશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) સાથે કોઇ પણ એક ફોટો આઇ.ડી પ્રુફ (આધાર કાર્ડ અથવા ડ્રાઇવીંગ લાયસન્સ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષાની ઓરીજીનલ હોલટીકીટ) સાથે લઇ જવાનું રહેશે. જેની ખાસ નોંધ લેવી.

(ડી.એસ.પટેલ)
સંયુકત નિયામક(પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તારીખ:- ૧૯/૦૩/૨૦૨૫
સ્થળ :- ગાંધીનગર